





પોતાના લાભના ‘બિલ’ની ગોલમાલ શરૂ થશે,
આરોપોને ગાળાગાળીનું હલાહલ શરૂ થશે,
શરૂ થશે બોલચાલ, ‘તું-તાં’ની અંગત ઝેરીલી -
અને ફરી કાગડાઓનો કોલાહલ શરૂ થશે..
(સંસદ શરૂ)

ગૂંથે છે જાળ,
વીરપુરૂષ-નેતા
સ્વરક્ષા ભય
(કરોડોનો ખર્ચ)

સરકારને
ચઢ્યો ‘ગેસ’નો ગોટો
છે અપસેટ
(ગેસના ભાવ-વેટ)




## ચિંતન

*આજ્ઞાભંગો નરેન્દ્રાણાં, વિપ્રાણાં માનખંડનમ્ ।*
*પૃથ્થક્શૈયા ચ નારીણામ શસ્ત્રવધ ઉચ્ચયતે ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના ‘સામાન્ય નીતિ’ નામના બીજા પ્રકરણનો આ શ્લોક છે :

‘રાજાની આજ્ઞાનો અનાદર કરવો, પંડિત-વિદ્વાનની માનહાનિ, અને પતિથી અલગ શય્યા પથારીએ સ્ત્રીનો શસ્ત્ર-હથિયાર વિના જ કરેલો વધ છે.’

ઘણીવાર વ્યક્તિની હથિયાર વિના પણ હત્યા-ઇજા-હૃદયને ઠેંસ પહોંચાડવામાં આવે છે કેટલાક લોકો શબ્દો દ્વારા, વર્તન દ્વારા કે વર્તાવ દ્વારા પણ આઘાત કે અનાદર પહોંચાડવામાં આવે છે.

બલવાન રાજાના રાજ્યમાં રહી તેનો સામનો કે વિરોધ શસ્ત્રો કે શક્તિ દ્વારા થઇ શકતો નથી તેથી તેમના પરિવારજનો કે અધિકારી પોતાના વિરોધ દર્શાવવા રાજાની આજ્ઞા ન માનીને તેનો અનાદર કરે છે આજે પણ ‘હળતાળ’ એ એક આવો જ વિરોધ-અનાદર છે.

પંડિત-વિદ્વાન-સમજુ અને વિવેકી હોય છે તેમનું અપમાન કરવા છતાં ધૈર્ય અને ક્ષમા તેમના કિંમતી આભૂષણ હોવાથી તેમને વિચલિત કરી શકતા નથી પરંતુ રાજ્યસભામાં કે જાહેરમાં તેના માન-સ્વમાન-ગૌરવને હાનિ પહોંચાડવામાં આવે ત્યારે તેને દુઃખ પહોંચે છે.

રાજા દશરથે કૈકેયીના વર્તાવ-સ્વભાવ, હઠ-સ્વાર્થને કારણે જિંદગીભર ‘ન બોલવાં’ અને ‘મોઢું ન બતાવવાની સજા કરી હતી, પતિ કે પત્ની પોતાનો વિરોધ આવો અસહકાર કરી બતાવી હથિયાર વિના ‘આઘાત’ આપી શકે.

## સુવિચાર

- હું તો પ્રયત્ન ને જ પરમ સાફલ્ય માનું છું - *મુનિ જીનચંદ્ર*
- ઇશ્વરની અપાર દયા વરસી રહી છે, એ દયા/કૃપાની જો મુઠ્ઠીવાળી દઇશું તો ઇશ્વર પણ મુઠ્ઠી વાળી દેશે, એ કૃપા/દયાનો આપણને સ્પર્શ થાય ત્યાં જ તેને વહાવી દો, જેમ વહેંચતા જઇશું તેમ વધારે ન વધારે કૃપા/દયા વરસતી રહેશે. - *એસ. ભટ્ટાચાર્ય*
- કોઇ ગુલામીથી કમજોર બનતું નથી, પણ જે કમજોર હોય છે તે ગુલામ બને છે - *રાજચંદ્ર*
- કર્તવ્ય અને વર્તમાન જ આપણું છે, ફળ અને ભવિષ્ય ઇશ્વરને હાથ છે - *ધર્મસૂત્ર*
- બીજાની જીભ અને તમારા કાન કામમાં લેશો તો તમને જીવનમાં કામમાં આવે તેવી ઘણી વાતો જાણવા મળશે - *જનકલ્યાણ*
- મીઠા બોલ બોલજો, એટલે મીઠા પડઘા સંભળાશે - *જાપાની કહેવત*
- સંકલ્પ એટલે કાર્યશીલ ચારિત્ર્ય - *મનુસ્મૃતિ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

માત્ર ભણતર-શિક્ષણ જ જીવનમાં મહત્ત્વનું નથી પણ કોઠાસૂઝ-ગણતરીબાજ દૃષ્ટિ-આયોજન અને આગળ વધવાની ધગશ માટેનો પરિશ્રમ જરૂરી છે જુના સમયમાં કોમ્પ્યુટર અને ડીગ્રી માટેના અભ્યાસક્રમો કયાં હતા. જૂજ ધનિકો અને નેતાઓનાં સંતાન ‘વિદેશ’ ‘ડિગ્રી’ લેવા જતા હતા.

લંડનના ધનપતિને એક બેંક રૂબરૂ બેંકમાં સહીઓ માટે બોલાવ્યો. ધનિક આબરૂદાર અને પ્રખ્યાત હતા. તેની મુલાકાત મેળવવા લોકોની લાઇન લાગતી. ખૂબ મોટો કારોબાર હતો.

બેંક અધિકારીઓને એનું ખાતું પોતાની બેંકમાં છે એનું ગૌરવ હતું. આવો માણસ આજે રૂબરૂ બેંકમાં આવતો હોઇ, મેનેજરો-ડીરેક્ટરો-ફૂલબૂકે લઇ તેનું સ્વાગત કરવા બેંકના દરવાજે ગયા..

બેંક અધિકારીએ કહ્યું ‘વર્ષો પહેલાં તમે ખાતું ખોલાવ્યું ત્યારે સહીની જગ્યાએ ‘અંગૂઠો’ હતો હવે આપનો કારોબાર વધ્યો છે અને ખાતાં અપડેટ થઇ કોમ્પ્યુટરાઇઝ્ડ થઇ ગયું છે એટલે આપની સહીના નમૂનાની જરૂર છે.’

ધનપતિ શેઠે સ્મિત કરી કહ્યું, પરંતુ હું તો હજુ પણ અંગૂઠો જ કરૂં છું ભણ્યો નથી. મારો કારોબાર મારા વિશ્વાસુ માણસો દ્વારા મારી સૂચના મુજબ જ ચાલે છે. બેંક અધિકારીઓને આશ્ચર્ય થયું. પૂછ્યું આ બધું કેમ બન્યું?!

ધનપતિ કહે હું ગરીબ હતો. બિશપના સર્વન્ટ ક્વાટરમાં રહેતો. અભણ હતો. ચર્ચનું કામકાજ કરતો. કોઇ કારણથી બિશપે મને ‘અભણ’ હોવાથી કાઢી મૂક્યો. મેં રેલ્વે સ્ટેશને ફળોની લારી શરૂ કરી અને નફામાંથી વેપાર વધારતો ગયો. આજે અહીં પહોંચ્યો પણ મને ભણતર પ્રત્યે નફરત હતી એના વિના પણ ‘સફળ’ થવાય એ મારે સિદ્ધ કરવું હતું. આને માટે હું બિશપનો ખૂબ આભારી છું.

Email - sureshchandrabhatt18@gmail.com

# અમારી બોટ આગળ વધી રહી હતી, તો બીજી તરફ સૂરજ પણ ઉપર ચડી રહ્યો હતો, દરિયામાં ભરતી આવતી હોય તેવું લાગતું હતું, મોટા મોટા મોજાં ઉછળી રહ્યાં હતા

દરિયા કિનારે જેટ્ટી પાસે અમે સૌ બેઠાં હતાં રાત્રીનું દશ્ય અહીં કંઇક અલગ જ લાગતું હતું. ઘુઘવાતા દરિયા પર દૂર દૂર કયાંક કોઇક ઝબુકતા દીવડા જેવું દેખાય અને અદશ્ય થઇ જાય. કોઇ નાની હોડી કે શીપ આવતી હશે. તેવું અનુમાન થઇ શકે. દિવાદાંડીની લાઇટ પણ ઝબુક ઝબુક થતી હતી. દરિયાનો ઘુઘવાટ રાત્રીનાં અંધકારમાં બિહામણો લાગતો હતો. કારણ કે પવનની ઝડપ પણ વધી હતી. સુસવાટા દેતો પવન વાવા લાગ્યો હતો.

શીપને ઉપડવાને હજુ વાર હતી. દૂર ટાપુ પર કંઇક સંગીતનો અવાજ સંભળાતો હતો. શક્તિએ કહ્યું કે અહીંનાં લોકો પશ્ચિમની ધુનો વગાડી નાચવાના શોખીન છે. અવાજ અહીં નજીકથી જ આવતો લાગે છે ચાલો જોવા જઇએ.

અમે સૌ તેને અનુસર્યા. એક કેડી જંગલના રસ્તે આગળ વધતી હતી. કેડી પર સીંગલ લાઇનમાં જ ચાલવું પડે તેવું હતું. ચારેબાજુ અંધકારમાં પવનથી ડોલતાં વૃક્ષોની વચ્ચે કેડી બનાવવામાં આવેલી હતી. જંગલમાં જે પહેલ વહેલાં આવ્યાં હતા. તેવા પ્રવાસી સ્ત્રીઓ અને બાળકોને ડર લાગે તે સ્વભાવિક હતું. પણ સાથે સાથે એક રોમાંચ પણ અનુભવતા હતા.

થોડે ચાલ્યાં ત્યાં જ સંગીતની સુરાવલીઓ વધુ સંભળાવવા લાગી. એક ખુલ્લી જગ્યામાં પંદર વીસ જેટલા યુવક-યુવતીઓ નાચગાન કરતાં હતા. વચ્ચે કેમ્પ ફાયર કરવામાં આવ્યો હતો. એક ખુણામાં કેટલાંક લોકો બેઠા બેઠાં શરાબની લહેજત ઉઠાવતા હતા.

અમે નજીક પહોંચ્યા એટલે એક બે જણ ઊભાં થઇ અમારી પાસે આવ્યા. શક્તિએ એમની ભાષામાં વાત કરી અમારૂં આવવાનું પ્રયોજન જણાવ્યું. તે લોકો ખુશ થયા અને હાથમાં ઈશારાથી આવકાર આપી અમને બેસવા કહ્યું.

અહીં તેમના પરંપરાગત વાંજિત્રો આ લોકો વગાડતા હતા. અને પશ્ચિમી ધૂન પર નાચવા ગાવામાં મશગૂલ હતા. યુવકો એ ટી-શર્ટ અને જીન્સ કે લુંગી પહેરેલી હતી. યુવતીઓ પણ શોર્ટ સ્કર્ટ અને ટોપ સાથે કોઇ લુંગી તો કોઇ જીન્સ પહેરી નાચતી હતી. સંગીતની ધૂનો પણ થીરકતાં તેમનાં બદન જોઇ લાગતું હતું કે બધાં નશામાં ચૂર હતા. જોકે સૌ પોતપોતાની મસ્તીમાં મશગૂલ હતા. છતાં કયાંક તેમના વર્તનમાં આછકલાઇ કે ઉદ્ધતાઇ ન હતા. તેમના ચહેરા પર આનંદ અને મોજની રેખાઓ જોઇ શકાતી હતી.




અમે તેમના આ નૃત્યમાં એવા તો ખોવાઇ ગયાં કે સમયનો ખ્યાલ ન જ આવે પણ શક્તિ એ બાબતે ચોક્કસ હતો. તેણે સૌને ટપાર્યા કે સમય થઇ ગયો છે. આપણે હવે શીપ તરફ જવું જોઇએ એટલે નૃત્યનો એ નજારો જોવાનો અધુરો મુકીને અમે પાછા વળ્યાં.

અમે જેટ્ટી પાસે પહોંચ્યા ત્યાં શીપની લાઇટો દેખાઇ અને વ્હીસલ સંભળાઇ. સૌ શીપમાં ચડી બેઠાં. રાત્રે ૧૨ વાગ્યે કાર નીકોબારથી અમારી બોટ ઉપડી. આખો દિવસ ફર્યાં હતા એટલે શરીરેન આરામ તો જોઇએ જ ને! વળી બહાર ઉછળતા દરિયાના પાણી સિવાય કંઇ દેખાય તેમ ન હતું. સૌ પથારીમાં પડ્યા આંખ કયારે મીંચાઇ ગઇ તેની પણ જાણે કે ખબર ન રહી.

અહીં દિવસ વહેલો ઉગી જાય છે. સવારે પાંચ વાગ્યે અમારી બોટ ચૌરા ટાપુ પર નાંગરી ત્યારે એકદમ અજવાળું થઇ ગયું હતું.

અમે નીચે ઉતર્યાં. સામે નારીયેળનાં પત્તાથી ઢાંકીને બનાવેલી નાનકડી હોટલ હતી. ત્યાં હાથો મોં ધોઇ ચ્હા, કોફીને સૌએ ન્યાય આપ્યો. શક્તિ ખાસ કહ્યું કે પાણી અહીં ખુબ સાચવીને વાપરજો. પાણીની અહીં બહુ તંગી છે.

ચારે બાજુ ઘુઘળતો દરિયો હોય અને ત્યાં પણ પાણીની તંગી હોય તે આશ્ચર્ય જ કહેવાય તે પણ વાત સાચી. પીવાનું મીઠું પાણી અહીં મળવામાં મુશ્કેલીઓ હતી. હાં નારીયેળ પાણી સહેલાઇથી મળી રહે. તેનાથી ચલાવી શકાય. અહીં દૂર દૂર ઈગ્લુ આકારનાં પાંદડાથી છવાયેલા ગોળાકાર ઘરો હતા. તે જોતાં જ ગમી જાય તેવાં હતા. આપણા પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધી, શ્રીમતી સોનિયા ગાંધીએ આંદામાનના ઉપરાજયપાલ ટી.એસ. ઓબેરોય સાથે આ ટાપુની મુલાકાત લીધેલી અને તે ખુબ જ ખુશ થયા હતા. કેમ કે અહીંના આદિવાસીઓ વિકટ પરિસ્થિતિમાં પણ ખુબ ખુશ છે. અહીંની નીકોબારી આદિવાસીઓ માટીના વાસણો અને નારીયેળ તથા ઘાસમાંથી સુંદર વસ્તુઓ બનાવવાના કામમાં ખુબ પાવરધા છે. તેમનાં વાજીંત્રો પણ એ ખુદ જ બનાવે છે.

એકાદ કલાક અહીં ફરીને અમે અમારી આગળની યાત્રા શરૂ કરી. અમારી બોટ આગળ વધતી હતી. સામે એક ટાપુ દેખાયો ત્યાં થોડા પાકાં મકાનો હોય તેવું લાગતું હતું. શક્તિએ કહ્યું કે આ તરાથા ટાપુ છે. તે ચૌરા ટાપુ કરતાં મોટો છે. અહીં ૧૦ ધોરણ સુધી અભ્યાસની સુવિધા છે. અહીં બેંક પણ છે. અહીંના બાળકો રમતગમતમાં અને તરણમાં બહુ આગળ છે. અમે તે ટાપુ દૂરથી જ જોયો. શીપ આગળ વધતા થોડીવારમાં કચાલ (કપંગા) ટાપુ દેખાયો. એ પણ ઘણો મોટો છે. ત્યાં રબ્બરના બગીચા અને મરી-મસાલાના બગીચાઓ આવેલા છે. તેથી સમૃદ્ધ કહી શકાય. આ ટાપુ પર ૧૦+૨ ના ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા છે. અહીં એક હોસ્પિટલ પણ છે. પણ સમયના અભાવને કારણે ત્યાં અમે ઉતર્યા નથી.

અમારી બોટ આગળ વધી રહી હતી. તો બીજી તરફ સૂરજ પણ ઉપર ચડી રહ્યો હતો. દરિયામાં ભરતી આવતી હોય તેવું લાગતું હતું. મોટા મોટા મોજાં ઉછળી રહ્યાં હતા.

અમારી શીપ હવે કમોર્ટા (નાનકોરી)ની નજીક આવી ગઇ હતી. નિકોબારનું આ મહત્ત્વપૂર્ણ બંદર છે. અહીં નાની નાની હોડીઓ અને મોટાં વહાણો નાંગરેલાં જોઇ શકતા હતા. અહીં સહાયક ઉપાયુક્તનું પ્રશાસનિક મુખ્યાલય છે. ભારતીય સેના પણ અહીં તેનાત રહે છે.

આ નાનકોરી બંદરની પ્રાકૃતિક સુંદરતા બહુ સારી છે. દૂરદર્શન, ટેલિફોન, બેંક, વાયરસેલ, પોસ્ટ ઓફિસ જેવી તમામ સુવિધાઓ અહીંયા ઉપલબ્ધછે. એક તરફથી આવી બીજી તરફ જતાં વહાણો અને મોટી બોટોને જોઇ શકાય છે. અહીંની આજુબાજુ ચામ્પીન વિગેરે જઇ શકાય છે. અહીં ચ્હા નાસ્તા અને જમવાની સગડવ છે. અમે પણ બપોરનું ભોજન અહીં જ લીધું અને આજુબાજુના વિસ્તારમાં ફર્યા અહીંથી અમારી શીપ રસ્તામાં પિલોમિલો કે કન્ડુલ થઇ કેમ્બબેલ પહોંચી.

અહીં અંદરના ગીચ જંગલ વિસ્તારમાં શોમ્પેન આદિમ જનજાતી હજુ પાષાણા યુગમાં જીવે છે. સને ૧૯૬૮માં ભારતના અનેક પ્રદેશોના ભૂતપૂર્વ સૈનિકોને પુનઃસ્થાપન સ્કીમ હેઠલ ભારત સરકાર વસાવ્યા છે. આપણા ભારતનો દક્ષિણ પૂર્વ ભાગનો આ છેલ્લો છેડો છે. તેને જોવા ભારતવાસીઓ ખાસ આવે છે. અહીંથી સુમાત્રા (ઈન્ડોનેશિયા) ફક્ત ૧૪૭ કિ.મી. દૂર છે. અહીં વાનરોની સંખ્યા બહુ જ છે અને ગીચ જંગલ વિસ્તાર છે. તે ઉપરાંત અહીં ઘડિયાળ (મગર) અને કાચબા પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ છે.

ગ્રેટ નિકોબારના વન વિસ્તારમાં એક માત્ર ગલાથિયા નદી છે. તેમાં ઓસ્ટ્રેલિયન પ્રજાતિના કાચબા અને મોટા મોટા ઘડિયાળ (મગર) રહે છે. તેને જોવા પ્રવાસીઓ ખાસ અહીં ઉમટી પડે છે. જોકે સુનામી દરમિયાન તેને ઘણું નુકશાન થયેલું છે. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાલ શર્મા અહીં આવેલા તેમજ પૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ પણ આ ટાપુની મુલાકાત લીધેલી તેને અહીંના લોકો આજે પણ ખુબ જ માનપૂર્વક યાદ કરે છે. અને અહીંના નકશામાં તેમજ પુસ્તકોમાં આ જગ્યા ને ઈન્દિરા પોઇન્ટ તરીકે ઓળખવામાં આવે છે. અહીં સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધીની ભવ્ય પ્રતિભા પણ મુકવામાં આવી છે.

સાંજ ઢળતા આવી હતી. સૂરજ દૂર સમુદ્રના પાણીમાં ગરકાવ થતો જોવા કિનારે આવેલ સનસેટ પોઇન્ટ પર અમે સૌ ઊભાં હતા.

જયાં નજર કરો ત્યાં અગાધ જળરાશિ સિવાય કંઇ દેખાતું ન હતું. સમુદ્ર અત્યારે વધારે તોફાની લાગતો હતો. દૂર દૂરથી આવતાં મોટા મોજા કિનારે આવીને જાણે કે જોર જોરથી માથુ પટકતાં હતાં. શક્તિએ તોફાન આવવાની આશંકા જાહેર કરી દીધી હતી. તેથી અમારા સૌના મનમાં જરા ફફડાટ વ્યાપી ગયો હતો. કારણ કે પવન પણ જોર જોરથી વાતો હતો. તે સાથે કિનારા પરના નારીયેળ અને સોપારીનાં વૃક્ષો રીતસર જાણે ધુણતાં હોય તેવું બિહામણું દશ્ય ઉભું કરતાં હતા.

અમે સૌ પાછા વળી શીપમાં ગોઠવાયા અને અમારી શિપ વ્હીસલ વગાડતી ઉપડી. બે માળની આ શીપ પણ અત્યારે એકદમ હાલકડોલક થતી હતી. તે સાથે સૌના હૃદયમાં એક ફટકો બેસી ગયો હતો. તોફાન આવશે તો શું થશે?

રાતનો સમય જેમ જેમ વિતતો જતો હતો તેમ તેમ દરિયો વધારે ને વધારે તોફાની થતો જતો હતો. તેથી અત્યારે અમારી ઊંઘ હરામ થઇ ગઇ હતી. સૌના ચહેરા પર ચિંતાની રેખાઓ જણાતી હતી.

દૂર દૂર દેખાતી દિવાદાંડીની ઝબુકતી લાઇટ સૌના માટે આશાનું કિરણ લાગતી હતી. ચારેતરફ અંધકાર અને ઉછળતાં મોજાઓ પર સવાર અમારી બોટ આગળ તો વધતી હતી પણ દરિયાઇ તોફાન અને પવન તેની ઝડપને અવરોધતો હતો.

છેવટે દૂર દૂર પોર્ટબ્લેરની લાઇટોનું અજવાળું દેખાતું ને સૌને હાશકારો થયો. ઘણાને તો જીવમાં જીવ આવ્યો હોય એવું લાગ્યું. હેમખેમ અમે કિનારે પહોંચ્યા. શીપ ઊભી રહેતાં સૌ નીચે ઉતર્યા અને ઉતારા આગળ વધ્યા.

*(ક્રમશઃ)*

# બીજાનું સુખ જોઈને આપણને સુખ થાય તો સમજવું કે આપણે શ્રીમંત : અમૃતબિંદુ

***સમાચાર સેતુ***

દર માસના બીજા રવિવારે અચૂક મળતી ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક આ વખતે તા. ૧૫-૧૨-૨૦૧૩ના રોજ સાંજના ૪-૦૦ થી થી ૫-૩૦ દરમિયાન બ્રહ્મભવન, સેકટર-૧૬ ખાતે મળશે. ખમીરવંતા, પોલાદી પુરૂષ, ભડવીર દેશનાં ‘સરદાર’શ્રી વલ્લભભાઇ પટેલની પુણ્યતિથિ નિમિત્તે. તેઓશ્રીને શ્રદ્ધાસુમન અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. ત્યારબાદ સરદાર વલ્લભભાઇ પટેલ વિશેનાં ગીતોની, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટની પુસ્તિકા ‘કર્મવીરનાં કીર્તિગાન’નું વિમોચન કરવામાં આવશે. સમય મળ્યે, સરદાર વલ્લભભાઇ પટેલ વિશેનાં સ્વલિખિત ગીતો રજૂ કરી શકાશે. આ કાર્યક્રમ નિયત સમયે શરૂ થઇ સમયસર પૂર્ણ થશે આથી સંસ્થાના સર્વે સભ્યશ્રીઓ, સાહિત્યકારો અને ભાવકોને સમયસર અચૂક પધારવા વિનંતી છે.

***અમૃતબિંદુ***

બીજાનું દુઃખ જોઇને આપણને સુખ થાય તો સમજવું કે આપણે, પાપી.
બીજાનું સુખ જોઇને આપણને દુઃખ થાય તો સમજવું કે આપણે ઇર્ષ્યાળુ.
બીજાનું સુખ જોઇને આપણને સુખ થાય તો સમજવું કે આપણે શ્રીમંત.
બીજાનું દુઃખ જોઇને આપણને દુઃખ થાય તો સમજવું કે આપણે સંત.

***કાવ્ય સેતુ : કુશીનારા : બુદ્ધ વિલય***

અહીં સૂતા છે
બુદ્ધ
હાથનું ઓશીકું કરી

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ ‘શબ્દ સેતુ’

**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર ‘દધિ’**

જાણે કરતાં બે પળ વામકુક્ષી.
પરિનિર્માણ પામ્યા છે બુદ્ધ
વિલય પામ્યા છે બુદ્ધ
અપ્પો દીપ આપ થૈ
વિલાઇ ગયો છે દીપક.
ફૂંક મારતાં હોલવાતો દીપક
કયાં જાય છે? હે આનંદ!
પૂછતા બુદ્ધ.
પંચતત્વનું સર્જન અને વિસર્જન છે
આ પૃથ્વીપરનું જીવન.
પંચતત્ત્વનો દીપક હો ભલે બુઝાયો
પંચશીલનો દીપક
હજી જલે દીનરાત
૨૫૦૦ વર્ષના પવન - વાવાઝોડાં વચ્ચેય
કદી બુઝાયો નથી બુદ્ધનો દીપક.
અહર્નિશ બળે છે શાશ્વત અગ્નિજયોત
સનાતન ધમ્મ જયોત... પ્રવીણ ગઢવી

***ગઝલ-૧***

મહેફીલમાં એકવાર હું ઈશ્વરને મળ્યો હતો,
સહુને મળું છું એમ જ બસ એને મળ્યો હતો.
ખાસ કંઇ હતું નહીં, એમ જ નીકળ્યો હતો,
આવી સુગંધ ગઝલની તેથી વળ્યો હતો.
છત્રી નહોતી હાથમાં, પણ વરસાદ કયાં હતો?
કોને ખબર કે શી રીતે હું પલળ્યો હતો.
કોઇ કહી ગયું ‘તું કાનમાં, હું સળવળ્યો હતો,
એણે કહ્યું ‘ઈર્શાદ’ ને એ શબ્દ ફળ્યો હતો.’
મત્લાનો હોય કે પછી મક્તાનો હોઇ શકે,
છે યાદ એટલું જ કે શૅર બહુ ગળ્યો હતો.
એને જોયા પછી કોઇ મૂર્તિ એની ગમી નથી,
લાગે છે ઘરનારો તો બસ પેટીયું રળ્યો હતો.
માણસ છું નાનો એટલે દોષ તો નીકળી શકે,
એને જોવામાં હાથ, નરસિંહનો પણ મળ્યો હતો.
તાળીની તો મેં જ પહેલેથી ના પાડી હતી,
હાથ જમણો એનો, ઉપર તરફ વળ્યો હતો.

- ડૉ. મુકેશ જોષી

***ગઝલ-૨***

ફાવવાનો ડોળ કરતું હોય છે
મન તો ચારેકોર ઉડતું હોય છે
ફાવવાનો ડોળ...
એમ પણ એને ફસાવું હોય તો -
વાત નાની કયાં સમજતું હોય છે -
ફાવવાનો ડોળ...
કેટલી ઊંચી નજર રાખી
એજ અંતે ઠેસ મડતું હોય છે
ફાવવાનો ડોળ...
શ્વાસ છોડી કયાં જવું લ્યો અંતમાં ?
સાત જન્મે એ જ મળતું હોય છે
ફાવવાનો ડોળ...
લ્યો, હવે તો સાવ સાચું છે ‘નયન’
કર્મ મૂકે તે તડપતું હોય છે
ફાવવાનો ડોળ... - ભરત પાઠક ‘નયન’

***કુદરત-ફળે : (શિખરિણી-સોનેટ)***

થયાં ભેળાં ભાવે હરિત વનમાં શૈલ ચરણે,
ધરી કાયા ફૂલે અરસપરસે હેત વરસે;
રહે સંપે સાથે કરકસ ઢબે ભૂખ ભરખે,
વસે ભૂંગા માંહે સમરસ પણે ક્ષેમ કુશળે... (૧)
રમે દાંડી ઢોળે ઘુઘર ઘમકે રાસ ગરબા,
અને ગોળાકારે હરખ પરખે નાચ રચતાં;
મળે માણે મેળો પુલકિત દિલે પૂર પગલે,
ભરાંડી ભૂવાને વળગણ તજે ભૂત મધુપે... (૨)
કરે ખેતી ખંતે કુદરત ફળે હેમ નજરે,
શિકારે બાજંદા તરકસ ખભે બાણ પણ છે;
વદે લેખાં જોખાં મધુરપ મને સાલસ રવે,
વડે ટેટાં ઝૂંલે અલક મલક ઘોર વગડે...(૩)
નમે વૃક્ષો ભારે ભરચક લચે મૌન મનડે,
ધરા વાવે બીયાં અઢળક ઢળે ધાન્ય ઢગલે...(૪)

- બાબુલાલ એમ. વણઝારા

# ઘડીભર વહુ આ રમત જોઇ રહી. આ પ્રાણીની યુક્તિ તેને સમજાઇ ગઇ, સાસુને દૂર મુકી આવ્યા પછી આ સાતેય પોતાની માથે તૂટી પડવાના પછી પોતે અને બાળક કાળનાં કોળિયો બની જશે

## કારણ- એ ‘મા’ હતી

*- અનંત ન. વ્યાસ*

ગોમટા અને ગરેલી (નામ બદલ્યા છે) શેઢા પાડોશી ગામ પાકા-રસ્તે ચાલો ખાસું અંતર કાપવું પડે. પણ પગદંડીએ માત્ર ચાર-પાંચ માઇલ થાય. લોકો તો એ રસ્તો પસંદ કરે. રસ્તો વેરાન, વચ્ચે એક માઇલ ખારોપાટ આવે. ત્યાં છુટા-છવાયા બાવળ સિવાય કંઇ નજરે ન આવે. ચાર-પાંચ માઇલના વિસ્તારમાં ગણ્યાગાઢ્યાં વડલા, મોટા ભાગે તો ગાંડો બાવળ - આવા રસ્તા પર ઢળતી સાંજે બે સ્ત્રીઓ ગરેલી તરફ જવા નીકળી. સજુબા તેડવા આવેલા. વહુના હાથમાં પાંચેક મહિનાનું બાળક - બાળકને ગરમી ન લાગે તે માટે બપોર ઢળ્યે નીકળેલા. માર્ગમાં કોઇ ભો નહિ. તેથી નિરાંતે કાંઠે વાતો કરતાં માર્ગ કાપે.

ખારોપાટ નજીક આવ્યો ને સજુબા અટકી ગયા... અ ર.ર... ભારે થઇ, વહુ દીકરાનાં - તેના મોઢામાંથી શબ્દો સરી પડ્યા. યુવાન વહું કંઇ ન સમજી પણ ઊભી રહી ગઇ.

વહુ દીકરા - જલદી પાછા ફરશે... ગામ તરફ દોડવા મંડો.

શા માટે? અજાણ વહુએ પૂછ્યું.

જો દીકરી, સામેના બાવળ પાસે કંઇ દેખાય છે?

હા, એક મોટો કૂતરો મોટું ફાડી હાંફે છે...

વહુ, એ કૂતરો નથી. નારડો છે, સાતનારીનું નાચ તો સાંભળ્યં છે ને?

સાત નારીનું નામ સાંભળતા વહુના મોતિયા મરી ગયા. સૌરાષ્ટ્રના ગ્રામ-વિસ્તારમાં આ પ્રાણીને સૌ ઓળખે. ‘નાર’ એટલે વરૂના વંશનું, જંગલી કૂતરા જેવું પ્રાણી એ કાયમ સાતના ટોળામાં રહે. ભારે ખંધુ. ચપળ અને ઝનૂની. જે શિકાર કરવાનાં નિર્ણય કરે તેને પકડીને જ રહે. સગર્ભા સ્ત્રી તથા નાના બાળકોની તેને ગંધ આવે. ગમે તેમ કરીને પણ બાળકને મા-બાપ પાસેથી પડાવી જાય. શિકારને પોતાની યોજના પ્રમાણેની દિશામાં લઇ જાય. દોડાવી દોડાવી થકવી નાખે. શિકાર થાકે ત્યારે સાતે નાર સામટા તૂટી પડે. સિંહના હુમલામાંથી બચી શકાય. પણ શાત નારીના જાળમાંથી છૂટવાનું અશકેય.

સાત નારીનું સાંભળતા વહુએ પીઠ ફેરવી. પણ જોયું તો રસ્તા વચ્ચે બે નારડા ઊભેલા-આજુબાજુ પણ બબ્બે નાર યોગ્ય જગા પર ગોઠવાઇ ગયેલા પોતે જો ગામ તરફ દોડવા મંડે તો પાંચ જ મિનિટે પકડી પાડે. પરિસ્થિતિ સમજી સજુબા જમીન પર બેસી ગયા. ઝટપટ થેલીમાંથી બે સાડલા ખેંચી કાઢ્યા, તેની ખોઇ કરી વહુની પીઠ પર કચક ચાવીને બાંધી દીધી. બાળકને તેમાં સુવડાવી દીધું. દોડવામાં હાથ ખુલ્લા રહે તે જરૂરી હતું બીજી ખોઇમાં થોડા પાણા ભર્યા.

નારડા સામે જંગે ચઢતા વહુને સમજાવ્યું. જો આ નારડા ધીમે ધીમે નજીક આવશે. આપણે પગ ઝડપથી ઉપાડવાના પણ. જો જે મારાથી અળગી ન થતી નહિતર આ નારડા છે. તને અને બાબાને...

બંનેએ ઝડપે પગ ઊપાડ્યા. પાછળના નારડા પણ એજ રીતે આગળ વધ્યા. જમણી ડાબી બાજુ એકેક નારડા આવી ગયા. સજુબાએ પથ્થરના ઘા આગળના નારડા તરફ કર્યો. તેણે ચૂકવ્યોને ઘુઘરાટ કર્યો. અવાજ સાંભળી પાછળના બંને નાર દોડ્યા સજુબાની પીંડીમાં બચકુ ભરી લીધું, નારડા પોતાની નજીક આવ્યા તેથી સજુબા આગળ વધ્યા એજ વખતે એક નારડો સાસુ-વહુ વચ્ચે આવી ગયો. પછી સજુબાને ફાડી ખાવા હોય ઘુઘવાટ કર્યો. સજુબા ગભરાયા. જરા આગળ દોડી ગયા. નારડા જાણે પાછળ પડ્યા. સજુબાને ખ્યાલ ન રહ્યો અને નારડા તેને વહુથી દૂર તગડી ગયા. ઘડીભર વહુ આ રમત જોઇ રહી. આ પ્રાણીની યુક્તિ તેને સમજાઇ ગઇ. સાસુને દૂર મુકી આવ્યા પછી આ સાતેય પોતાની માથે તૂટી પડવાના પછી પોતે અને બાળક કાળનાં કોળિયો બની જશે. તેણે મદદ માટે નજર દોડાવી થોડે દૂર વડલો દેખાયો ગમે તેમ કરી વડલે પહોંચી જવાય તો જ બચી જવાય. થેલીમાંથી પથ્થર ઉપાડી. વડલા બાજુ વળી ગઇ. જમણી બાજુ ઊભેલા નારના માથા પર સખત ઘા મારી તે વડલા તરફ દોડી. બાજુ ઊભેલા નારડાઓ શિકારને છંટકવા દે તેમ ન હતા. તે તુરંત પાછળ પડયા. આ પ્રાણીને અનુભવ છે કે માણસ લાંબુ દોડી શકતો નથી. તે થાકે ત્યારે જ હુમલો કરવો ત્યાં સુધી આગળ પાછળ દોડવું ન લાગ મળતાં શિકારના પગે બચકા ભરવા.

વહુ દોડતી હતી. સાથે મગજ પણ દોડતું હતું. દોડતાં દોડતાં જ ભાતાના લાડવા ફેંક્યા. મીઠી સુગંધે નારડા ઘડીભર રોકાણા દરમિયાન વહુ આગળ નીકળી ગઇ. પણ આતો શિકારી કુતરાની ઝડપ ધરાવતું પ્રાણી. જોતજોતામાં વહુને પકડી પાડીને જાણે સજા તરીકે પિંડીમાં બચકું ભરી લીધું. ચીસ નીકળી ગઇ. તેણે અસહાય આંખે ચારે તરફ જોયું ને તેની આંખો ચમકી. સામેનાં ઝાડ પર મધપૂડો હતો વહુએ હાથમાંથી થેલી મધપૂડા પર ઝીંકીને પોતે તારવેગે આગળ દોડી ગઇ. મધપૂડો તૂટયો - માખીઓ ઊડીને પાછળ આવતા નારડા પર તૂટી પડી. નારને આ અનુભવ નવો તો. તેઓએ ઘૂઘવાટા કર્યા. ઠેકડા માર્યા પણ ડંખ સહન થતાં પાછા વળી ગયા. વહુને સમય મળ્યો તે વડલે પહોંચી ગઇ. થડ પરના ઠૂંઠાને પકડી ઝટપટ ઝાડ પર ચડી જવું.

(અનુસંધાન પાના નં. ૬ પર)